જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૨૮-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ત્રણ મિનિટમાં જ એ-સેટ મિસાઈલથી ૩૦૦ કિમી દૂર લો અર્થ ઓર્બિટમાં લાઈવ સેટેલાઈટ નષ્ટ કરાયો

મિશન શક્તિ: એર સ્ટ્રાઈક બાદ ભારતની વધુ એક ઉપલબ્ધિ: સ્પેસ સ્ટ્રાઈક

અંતરિક્ષ ક્ષેત્રે અમેરિકા,રશિયા અને ચીન બાદ મહાશક્તિ બનનારો ચોથો દેશ બન્યો ભારત



ન્યુ દિલ્હી

પીએમ નરેન્દ્ર મોદીએ દેશવાસીઓના નામે સંદેશ રજૂ કરતાં કહ્યું કે ભારતે અંતરિક્ષમાં મોટી સફળતા પ્રાપ્ત કરતાં કહ્યું કે લો અર્થ ઓર્બિટમાં એક સેટેલાઈટને તોડી પાડ્યું છે. ૩૦૦ કિલોમીટરના અંતર પર સેટેલાઈટને તોડી પાડ્યાના આ અભિયાનને 'મિશન શક્તિ' નામ આપ્યું હતું. આ આખા અભિયાનની માહિતી આપતા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે થોડાંક જ સમય પહેલાં ભારતે એક અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ભારતે દુનિયામાં અંતરિક્ષ મહાશક્તિ તરીકે નામ નોંધાવી છે. અત્યાર સુધી અમેરિકા, રૂસ, અને ચીનની પાસે જ આ ઉપલબ્ધિ હતી. હવે ભારત આ ક્ષમતા પ્રાપ્ત કરનાર ચોથો દેશ છે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે થોડાંક જ સમય પહેલાં અમારા વૈજ્ઞાનિકો એ ૩૦૦ કિલોમીટર દૂર 'લો અર્થ ઑર્બિટ'માં આપણા વૈજ્ઞાનિકોએ એક સેટેલાઈટને તોડી પાડ્યું. આ ઓપરેશન અંદાજે ત્રણ મિનિટમાં જ પૂરું કરાયું. મિશન શક્તિ નામનું આ ઓપરેશન ખૂબ જ કઠિન હતું, જેમાં ખૂબ જ ઉચ્ચ કોટિની ટેકનિકલી ક્ષમતાની જરૂર હતી.

આ બધા જ ભારતીયો માટે આ ગર્વની વાત છે. આ પરાક્રમ ભારતમાં જ તૈયાર એ-સેટ મિસાઈલ દ્વારા કરાઈ છે. હું આ અભિયાન સાથે જોડાયેલા તમામ લોકોને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. આજે ફરી તેમણે દેશનું માન વધારી દીધું છે. આપણને આપણા વૈજ્ઞાનિકો પર ગર્વ છે. આપણા સેટેલાઈટનો લાભ તમામને મળે છે. આવનારા દિવસોમાં તેનો ઉપયોગ અને મહત્વ વધવાનું છે. એવામાં તેની સુરક્ષા પણ ખૂબ મહત્વપૂર્ણ છે. આજે આપણી પાસે પૂરતી માત્રામાં સેટેલાઈટ છે જે કૃષિ, રક્ષા, સુરક્ષા, કોમ્યુનિકેશન સહિત ઘણાં ક્ષેત્રોમાં મદદ કરી રહ્યા છે. તે અંર્તગત રેલવેન પણ ફાયદો થયો છે. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજનું આ પરિક્ષણ કોઈપણ પ્રકારના આંતરરાષ્ટ્રીય કાયદા કે સંધિ કરારનું ઉલ્લંઘન કર્યું નથી. આપણે તેનો ઉપયોગ ૧૩૦ કરોડ દેશવાસીઓની સુરક્ષા અને શાંતિ માટે જ કરવા માંગે છે. આપણો સામરિક ઉદ્દેશ્ય યુદ્ધનો માહોલ બનાવી રાખવાની જગ્યાએ શાંતિ બનાવી રાખવાનો છે. પીએમ મોદીએ કહ્યું કે આજનું આ પગલું ભવિષ્યની સુરક્ષા માટે એકદમ અગત્યનું પગલું છે. આજની આ સફળતાને આવનારા સમયમાં એક સુરક્ષિત અને શાંતિપૂર્ણ રાષ્ટ્ર માટે વધતા પગલાંને જોવું જોઈએ. એ જરૂરી છે કે આપણે આગળ વધીએ અને ખુદને ભવિષ્યના પડકાર માટે તૈયાર કરીએ.

લોકસભાની ટિકિટ ન મળતાં ગુસ્સે ભરાયા ધારાસભ્ય અબ્દુલ સત્તાર

કોંગ્રેસના નારાજ ધારાસભ્યએ પાર્ટીની ઓફીસમાંથી ૩૦૦ ખુરશીઓ ઉપાડી લીધી

)ઔરંગાબાદ

લોકસભા ચૂંટણીમાં ટિકિટ નહીં મળવાના કારણે મોટા ભાગની દરેક પાર્ટીઓમાં નેતાઓનાં રિસામણા-મનામણા ચાલી રહ્યા હોવાની ખબરો આજકાલ બહું આવી રહી છે. પરંતુ મહારાષ્ટ્રમાં કોંગ્રેસના એક ધારાસભ્યએ પાર્ટી ઓફીસમાંથી ખુરશીઓ પાછી ખેંચી લીધી છે. લોકસભાની ટિકિટ નહીં મળવાના કારણે ગુસ્સે થયેલ કોંગ્રેસ ધારાસભ્ય અબ્દુલ સત્તારે પોતાના સમર્થકોની મદદથી મંગળવારે પાર્ટીની સ્થાનિક ઓફીસમાંથી ૩૦૦ ખુરશીઓ ખુરશીઓ ઉપાડી લીધી છે.

સિલોદથી ધારાસભ્ય અબ્દુલ સત્તારે કહ્યું કે, તેઓ પાર્ટી સાથે છેડો ફાડી ચૂક્યા છે અને તેમણે દાવો કરતા કહ્યું કે તે ખુરશીઓ તેમની માલિકીની છે. કોંગ્રેસના સ્થાનિક એકમે પોતાની ઓફીસ 'ગાંધી ભવન'માં ગઠબંધન સહયોગી એનસીપી સાથે એક બેઠક યોજી હતી. બેઠક શરૂ થાય તેની થોડી જ વાર પેહલા સત્તારે પોતાના સમર્થકો સાથે ત્યાં પહોંચીને બદી જ ખુરશીઓ લઈ લીધી. ખુરશીઓ નહીં હોવાના કારણે કોંગ્રેસ કાર્યકર્તાઓની બેઠક એનસીપી કાર્યાલયમાં યોજવામાં આવી હતી.

જિલ્લાના કદાવર નેતા સત્તારને આશા હતી કે પાર્ટી તેમને ઔરંગાબાદ સીટથી લોકસભાની ટિકિટ આપશે પરંતુ આ સીટ પર વિધાન પરિષદના સભ્ય સુભાષ ઝંબાદને ટિકિટ આપવામાં આવી હતી જેથી સત્તાર પાર્ટીથી નારાજ થઈ ગયા છે. સત્તારે કહ્યું કે, 'હા ખુરશીઓ મારી માલિકીની હતી અને મેં કોંગ્રેસની બેઠકો માટે આ ખુરશીઓ ખરીદી હતી.

એમજીપી પાર્ટીનો ભાજપમાં વિલય થશે

ગોવામાં રાજકીય ઘમાસાણ: એમજીપીના બે ધારાસભ્ય ભાજપમાં જોડાયા

પણજી

ગોવામાં મંગળવારે મધરાતે પોલિટિકલ ડ્રામા સર્જાયો અને ભાજપની સહયોગી મહારાષ્ટ્ર ગોમાંતક પાર્ટી (MGP)ના બે તૃતીયાંશ ધારાસભ્ય વિધાનસભા અધ્યક્ષ પાસે પહોંચી ગયાં અને કહ્યું કે તેમણે પોતાની પાર્ટીનો ભાજપમાં વિલય કરવાનો નિર્ણય લીધો છે. ત્રણ ધારાસભ્યો ધરાવતી આ પાર્ટીના બે ધારાસભ્યોએ પોતાના હસ્તાક્ષરવાળો પત્ર પણ સ્પીકર માઇકલ લોબોને સોંપ્યો. MGPના જે એક માત્ર ધારાસભ્યના આ પત્રમાં હસ્તાક્ષર નહોતા એ હાલ ભાજપની સરકારમાં સહયોગી દળના કવોટામાંથી નાયબ મુખ્યમંત્રી બનેલા સુદિન ધવલીકર છે. નિયમો અનુસાર જો કોઇ પાર્ટીના બે તૃતીયાંશ ધારાસભ્ય જુદાં થઇને નવો પક્ષ બનાવે તો પક્ષપલટા કાયદો લાગુ થતો નથી અને ધારાસભ્યોની માન્યતા રદ્ નથી થતી. આ મામલામાં પણ કુલ ત્રણમાંથી બે ધારાસભ્યો જુદાં થવાના કારણે પક્ષપલટા કાયદા અંતર્ગત કાર્યવાહી નહીં થઇ શકે. MGP ધારાસભ્ય મનોહર અજગાંવકર અને દીપકે વિધાનસભા અધ્યક્ષને એક પત્ર સોંપ્યો અને કહ્યું કે તેઓ મહારાષ્ટ્ર ગોમાંતક પાર્ટીનો ભાજપમાં વિલય કરવા સંમત થયા છે. ભાજપે આ ગતિવિધિની પુષ્ટિ કરતા કહ્યું કે બે તૃતીયાંશ ધારાસભ્યોએ અલગ પાર્ટી બનાવીને ભાજપમાં વિલય કરી દીધોછે. બંધારણ અનુસાર તમામ ઔપચારિકતાઓ પૂરી કરી દેવામાં આવી છે. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે પણ આ વાતની પુષ્ટિ કરતા કહ્યું કે પાર્ટીની બે ધારાસભ્યો મનોહર અજગાંવકર અને દીપક ભાજપમાં જોડાઇ ગયા છે. હવે ગોવામાં ભાજપના ધારાસભ્યોની સંખ્યા ૧૪ થઇ ગઇ છે.

૭૦ વર્ષોમાં ભાજપ-કોંગ્રેસે પોતાના ઘર જ ભર્યા છે

કોંગ્રેસની નિષ્ફળતાને કારણે જ આપની રચના થઇ છે: કેજરીવાલ

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી નજીક આવતા વિવિધ પાર્ટીના નેતાઓએ એક બીજા પર આક્ષેપ-પ્રત્યાક્ષેપ શરૂ કરી દીધા છે. આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે કોંગ્રેસ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસની નિષ્ફળતાને કારણે જ આમ આદમી પાર્ટીની રચના થઇ છે. કેજરીવાલે ઉત્તર પશ્ચિમ સંસદીય ક્ષેત્રમાં સ્થિત રોહીણીમાં જનસભાને સંબોધિત કરતા ભાજપ અને કોંગ્રેસ પર નિશાન સાધતા જણાવ્યું હતું કે, ગત ૭૦ વર્ષોમાં કોંગ્રેસ અને ભાજપે માત્ર પોતાના જ ઘર ભર્યા છે. આ સિવાય કોઇ કામ કર્યું નથી. ચાર વર્ષોમાં મોદી સરકારે અમારા કામમાં અવરોધ નાખવાના બનતા તમામ પ્રયાસો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, લોકો મને પૂછે છે કે શીલાજી કેવી સરકાર ચલાવતા હતા, ત્યારે હું જણાવું છું તેમના જેવી સરકાર તો અમે પણ ચલાવી શકીએ છીએ પરંતુ પછી તમને આપની જરૂર શું છે.

અભિનેત્રી ઉર્મિલા માતોંડકર કોંગ્રેસમાં જોડાઈ: ઉ.મુંબઈની બેઠક પરથી ચૂંટણી લડે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

ગઈકાલથી થઈ રહેલી અટકળોને સાચી પાડતા આખરે ફિલ્મ અભિનેત્રી ઉર્મિલા માતોંડકર કોંગ્રેસમાં જોડાઈ ગઈ છે.

રાહુલ ગાંધીએ કોંગ્રેસમાં જોડાવા બદલ ઉર્મિલાનુ સન્માન કરીને તેને બૂકે આપ્યો હતો.ઉર્મિલાએ કહ્યું હતું કે,આજે એવા નેતાની જરુર છે જે બધાને સાથે લઈને ચાલે અને તમામને ન્યાય અપાવે.મારી નજરમાં રાહુલ ગાંધી આવા જ નેતા છે.ઉર્મિલાને ઉત્તરી મુંબઈની બેઠક પરથી કોંગ્રેસ ટિકિટ આપી શકે છે.

ઉર્મિલાએ પોતાના નવ વર્ષ નાના કાશ્મીરી બિઝનેસમેન મોહસિન મીર સાથે લગ્ન કર્યા છે.૪૨ વર્ષીય ઉર્મિલાએ એક પ્રાઈવેટ મેરેજ સેરેમનીમાં મોહસિન સાથે લગ્ન કરીને તમામને આશ્ચર્ય આપ્યુ હતુ.

મોહસિન સાથે ઉર્મિલાની મુલાકાત કોમન ફ્રેંડ મનિષ મલ્હોત્રા થકી થઈ હતી.મોહસીન મોડેલ પણ છે અને ઝોયા અખ્તરની ફિલ્મ લક બાય ચાન્સમાં અભિનય પણ કરી ચુક્યો છે.

ઉર્મિલા માંતોડકરને રામ ગોપાલ વર્માની શોધ પણ મનાય છે.એક સમયે બંનેના અફેરની ચર્ચા પણ શરુ થઈ હતી.







પરિણીતાને બ્લેઈકમેઈલ કરી દુષ્કર્મ ગુજારતા તબીબની ધરપકડ

સુરત

સુરતના ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ ડો. વિપુલ મિસ્ત્રી સામે સયાજીગંજની અમીટી અને સુરતની બ્લ્યુ ડાયમંડ હોટલમાં અનેક વખત દુષ્કર્મ ગુજારવાની વાઘોડિયા રોડની એક પરિણીત યુવતીએ ફરીયાદ નોંધાવતાં તબીબી ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે.

લગ્નના વચનો આપીને વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૭ સુધી ચાર વર્ષના ગાળામાં રંગરલીયા મનાવતાં આવેલાં ડો. વિપુલ મિસ્ત્રીની પોલીસે ધરપકડ કરીને પૂછપરછ શરુ કરી છે. હાલમાં વાઘોડિયા રોડ ખાતેના પીયરમાં રહેતી પરીણીત મહિલાએ એવો ઘટસ્ફોટ કર્યો હતો કે, તેમણે સને ૨૦૦૮માં મેટ્રીમોનિયલ સાઈટ પર રજિસ્ટ્રેશન કરાવ્યું હતુ. આ સાઈટ ઉપર વિપુલ હિંમતભાઈ મિસ્ત્રી (રહે, અક્ષરદિપ વેદ રોડ, કતારગામ સુરત)એ રજિસ્ટ્રેશન કરાવ્યું હતુ. અમારા બે જણાં વચ્ચે સંપર્ક થયો હતો. ફોન ઉપર વાતચીતનો દોર શરુ થયો હતો.

૬ઠ્ઠી જૂન ૨૦૧૦ના રોજ આ યુવતીના નવી મુંબઈના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સાથે જ્ઞાતિના રિવાજ પ્રમાણે સૂર્યા પેલેસ હોટલમાં મેરેજ થયાં હતા. પરીણીતાએ પુત્રીને જન્મ આપ્યો હતો. વર્ષ ૨૦૧૩માં ડો. વિપુલ મિસ્ત્રી આ યુવતીના જીવનમાં ફરી વખત આવ્યો હતો. ફેસબુક ઉપરથી સંપર્ક થતાં ફરી મુલાકાતોનો દોર શરુ થયો હતો. પરંતુ આ વખતે ડો. વિપુલે લગ્નના વચનો આપ્યા હતા અને વિપુલ મિસ્ત્રીના સુરત ખાતેના ઘર પાસેની ડાયમંડ હોટલમાં ડો. વિપુલે સૌ પ્રથમ વખત દુષ્કર્મ આચર્યું હતુ. ત્યાર પછી વડોદરાના સયાજીગંજની અમિટી હોટલમાં રંગરલીયા મનાવી હતી. પરીણીતા બીજી વખત માતા બનતાં તેના પતિના દિમાગમાં શંકાનો કીડો સળવળ્યો હતો. બીજી તરફ લગ્નની લાલચો આપતાં ચાઈલ્ડ સ્પેશિયાલીસ્ટ ડો. વિપુલ મિસ્ત્રીએ પણ દગો આપતાં પરીણીતાના લગ્ન જીવનમાં ભંગાણ સર્જાયું હતુ. આખરે પરીણીતાએ હિંમત જુટાવીને સયાજીગંજ પોલીસ મથકે દુષ્કર્મની ફરીયાદ આપતાં તબીબની ધરપકડ કરીને લોકઅપમાં ફીટ કર્યો હતો.

સગીરાને ફોસલાવી દુષ્કર્મ આચરનાર આરોપી તામીલનાડૂથી ઝડપાયો

સુરત

કાપોદ્રા પોલીસ સ્ટેશનની હદમાં આવતાં કારગીલ ચોક કેવટનગરથી સગીર વયની છોકરી ગાય માટે ચારો લેવા ગઈ હતી. જે પરત ન ફરતાં સગીરાની માતાએ અપહરણની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે તપાસ કરતાં સગીરાને વિનોદ સભાજીત નિષાદ નામનો ઈસમ ભોગ બનનારને અપહરણ કરી લઈ ગયેલ હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસે ટેકનીકલ સોર્સીસનો ઉપયોગ કરતા સદર આરોપી તામીલનાડુ ખાતે હોવાનું જણાવ્યું હતું.

જેથી પોલીસની ટીમ તામીલનાડૂ ખાતે મોકલી આપી હતી. જ્યાંથી સગીરા તથા આરોપી વિનોદ સભાજીત નિષાદ રહે.વિશ્વકર્મા મંદિર સામે, ભટાર, સુરત મુળવતન ખૈરઈ ઉસરા ડેરા થાના પૈલાની ડોસ્ટીક બાંદા (ઉત્તરપ્રદેશ) વાળો તામીલનાડુ ઈરોડ ખાતેથી મળી આવ્યાં હતાં. આરોપીની પુછપરછ કરતા તે સગીરાને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના બહાને સુરતથી તામીલનાડૂ ખાતે લઈ ગયેલ જ્યાં સગીરા સાથે શરીર સંબધ કરેલ હોવાનું જણાયું હતું. જેથી પોલીસે અપહરણ, પોસ્કો અને દુષ્કર્મ સહિતના ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દીપડાએ ઘરમાં ઘૂસી યુવકને પંજો મારી ઘાયલ કરતા ગામમાં ફફડાટ

વલસાડ

ગુજરાતમાં રહેણાંક વિસ્તારોમાં દીપડો ઘૂસવાના અને આ હિંસક પ્રાણીના લોકો પર હુમલો કરવાના બનાવો પણ વધી રહ્યા છે. ત્યારે વલસાડના પારનેરા ગામમાં આવેલ સેકેન્ડ ગેટ ખાતે દીપડાએ યુવાન પર હુમલો કર્યો હતો. જેને પગલે આખા ગામમાં ફફડાટનો માહોલ ફેલાઈ ગયો છે.

વલસાડના અતુલ વિસ્તારમાં લોકોને બે વાર દીપડો નજરે ચઢ્યો હતો. જેમાં બે વાર હાઈવે અકસ્માતમાં બંને દીપડાના મોત નિપજ્યા હતા. ત્યારે અતુલ વિસ્તારમાં દીપડાએ એક યુવાન પર હુમલો કર્યો છે. અતુલ વિસ્તારના સેકન્ડ ગેટ આશાકલી ચાલ પાસે દીપડાએ એક ઘરમાં ઘૂસીને સૂઈ રહેલા શ્રીરામ નામના એક યુવાન પર હુમલો કર્યો હતો. દીપડાએ યુવાનને માથાના ભાગે પંજો મારતા તેને ગંભીર ઈજા થઈ છે. આ બનાવ વહેલી સવારે ૫.૩૦ કલાકે બન્યો હતો.

આ ઘટનાને પગલે ગામ લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. ઘાયલ યુવકને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અતુલ ખાતે આ પહેલા બે દીપડીના હાઈવે અકસ્માતમાં મોત નિપજ્યા છે. વનવિભાગ દ્વારા પાંજરા મૂકવામાં આવે અને બીજી વાર આવી ઘટના ન બને એવી અતુલના લોકોએ માંગ કરી છે.

આ મિશનની શરુઆત યુપીએ શાસનકાળમાં થઈ હતીઃ અહેમદ પટેલ

મિશન શક્તિ પર રાજકારણ ગરમાયુંઃ ભાજપ-કોંગ્રેસ આમને-સામને

અગાઉની સરકારે આ માટે મંજૂરી આપી ન હતીઃ ભાજપ

ન્યુ દિલ્હી

ભારતે અંતરિક્ષમાં મિશન શક્તિ થકી મિસાઈલ વડે સેટેલાઈટ તોડી પાડીને મહત્વની સિધ્ધિ મેળવી છે.જે માટે ભારતના વૈજ્ઞાનિકોનુ કૌશ્લ્ય કારણભૂત છે ત્યારે હવે આ સફળતાની ક્રેડિટ લેવા માટે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હોડ જામી છે. પીએમ મોદીએ પોતે આ સફળત પરિક્ષણની જાહેરાત કર્યા બાદ કોંગ્રેસ વતી અહેમદ પટેલે ટ્વિટ કરીને કહ્યુ હતું કે આ મિશનની શરુઆત યુપીએ શાસનકાળ દરમિયાન શરુ થઈ હતી અને તે આજે પુરુ થયુ છે.હું ભારતના વૈજ્ઞાનિકો અૂને પૂર્વ પીએમ મનમોહનસિંહને અભિનંદન આપુ છું. કોંગ્રેસ પાર્ટીએ ટ્વિટર એકાઉન્ટ પર ટ્વિટ કરીને કહ્યુ હતુ કે આ સફળતા બદલ ડીઆરડાઈઓ, કેન્દ્ર સરકારને અભિનંદન, ભારતના સ્પેસ પ્રોગ્રામની શરુઆત ૧૯૬૨માં જવાહરલાલ નહેરુએ કરી હતી. બીજી તરફ મોદી સરકારના મંત્રી અરુણ જેટલી અને નિર્મલા સિતારમને કહ્યુ હતુ કે, આ પહેલા વૈજ્ઞાનિકોએ પરિક્ષણ કરવા માટે સક્ષમ હોવાનુ કહ્યુ હતુ પણ તે સમયની સરકારે મંજુરી આપી નહોતી.અમારી સરકારે આ માટે મંજુરી આપી હતી.આજનો દિવસ ઐતહાસિક છે.

દીકરીને ડંખ મારતા સાપને પરિવારે મારી નાંખ્યો

સુરત

ઉન પાટિયાની શાલીમાર સોસાયટીના એક મકાનમાં નિદ્રાવન યુવતીની રજાઈમાં ઘુસી ૩ ફૂટ લાંબા રસેલ વાઈપર સાપે ડંખ માર્યો હતો. મંગળવારની મધરાત્રે બનેલી આ ઘટના બાદ યુવતીની બુમાબૂમથી જાગી ગયેલા પરિવારે રસેલ વાઈપર સાપને મારી નાખી દીકરી સાથે સિવિલ હોસ્પિટલમાં લઈ આવતા ડોક્ટરો પણ આશ્ચર્યમાં પડી ગયા હતા.

ઝેરીલા સાપોમાં સૌથી ઝેરી એવા રસેલ વાઈપરને જોઈ સિવિલના ટ્રોમાં સેન્ટરના કર્મચારીઓમાં પણ ભય નો માહોલ જોવા મળ્યો હતો. જોકે, ફરજ પર હાજર સીએમઓ ડો. બર્મને મૃત સાપને હાથમાં લઈ સાથી કર્મચારીઓને રસેલ વાઈપર સાપ વિશે માહિતગાર કરી તેમનો ડર દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, યુવતીની હાલત સાધારણ છે. અને સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે.

લોકસભામાં ઉમેદવાર માટે ચૂંટણી ખર્ચની મર્યાદા ૭૦ લાખ છે

ઉમેદવારના ચૂંટણી ખર્ચ માટે ૧૭૧ વસ્તુઓના ભાવ ફિક્સઃ ચાના ૧૦ રુપિયા અને સમોસાના ૮ રુપિયા

ન્યુ દિલ્હી

ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચ માટે જે આચાર સંહિતા નક્કી કરી છે તેમાં વિવિધ વસ્તુઓની કિંમતની યાદી પણ તૈયાર કરવામાં આવી છે. જેમ કે ઉમેદવાર જો કોઈને ચા પીવડાવશે તો તે પેટે તેના ખર્ચના એકાઉન્ટમાં ૧૦ રુપિયા જોડાશે અને એક સમોસાની કિંમત ૮ રુપિયા ગણાશે.

જે વસ્તુઓ પર ઉમેદવાર ખર્ચ દર્શાવે છે તેવી ૧૭૧ વસ્તુઓની આ રીતે ચૂંટણી પંચે યાદી તૈયાર કરી છે.જેમાં દરેક વસ્તુની સામે તેનો કેટલો ખર્ચ ગણવો તેની ગાઈડ લાઈન તૈયાર કરવામાં આવી છે. આ વખતે લોકસભામાં ઉમેદવાર માટે ચૂંટણી ખર્ચની મર્યાદા ૭૦ લાખ રુપિયા છે.જે ગત ચૂંટણીમાં ૨૮ લાખ રુપિયા હતી.ચૂંટણી ખર્ચ માટે ઉમેદવારે એક અલગ બેક્ક એકાઉન્ટ ખોલાવવુ પડશે.

ઉમેદવાર કાર્યકરને એક દિવસમાં દસ હજારથી વધારે રોકડ રકમ નહી આપી શકે.કાર માટે એક દિવસનુ ભાડુ ૩૦૦૦ રુપિયા અને ઓટોરીક્ષા માટે ૧૦૦૦ રુપિયા નક્કી કરાયુ છે.એસી કાર માટે ૧૨૦૦ રુપિયા અને મોટી કાર માટે ૧૬૦૦ રુપિયા નક્કી કરાયા છે.

પાણીની બોટલ માટે ૨૦ રુપિયા અને પાણીનુ ટેક્કર લેવા પર ૨૦૦ થી ૬૦૦ રુપિયા ગણતરીમાં લેવાશે.આ જ રીતે બિસ્કીટ માટે ૧૫૦ રુપિયા કિલો, બ્રેડ પકોડા માટે ૧૦ રુપિયા, સેન્ડવીચ માટે ૧૫ રુપિયા અને જલેબી માટે ૧૪૦ રુપિયા નક્કી કરાયા છે.

લંચ પેકેટ માટે ૧૦૦ રુપિયા અને નાસ્તના પેકેટ માટે ૫૦ રુપિયાનો રેટ ફિક્સ કરાયો છે.કાર્યલાય માટે શહેરી અને ગ્રામણી વિસ્તારમાં અનુક્રમે મહિને ૫૦૦૦ રુપિયા અને ૧૦૦૦૦ રુપિયા ભાડુ નક્કી કરાયુ છે. ઉમેદવારે ગુલાબના બુકેથી માંડીને ઢોલ નગારા માટેનો ખર્ચ પણ બતાવવો પડશે.હોટલનો રુમ ભાડે લીધો હશે તો તે માટે પ્રતિ દિવસ રુમના આધારે ૯૦૦ થી ૨૫૦૦ રુપિયા ભાડુ ગણાશે.

ભારતને મહાશક્તિ બનાવનારું આ મિશન શક્તિ શું છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના રાષ્ટ્રજોગ સંબોધનમાં જાહેર કર્યું કે ભારતે આજે એક અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ભારતે આજે તેનું નામ 'સ્પેસ પાવર' તરીકે દાખલ કર્યું છે. અત્યાર સુધી રશિયા, અમેરિકા અને ચીનને આ સ્તર પ્રાપ્ત થયું હતું, હવે ભારતે પણ આ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે કહ્યું કે આપણા વૈજ્ઞાનિકોએ અવકાશમાં ૩૦૦ કિ.મી. દૂર ન્ઈ (લો અર્થ ઓર્બિટ) માં એક જીવંત સેટેલાઈટને નષ્ટ કર્યું છે. આ લાઈવ સેટેસાઈટ જે કે એક પૂર્વ નિર્ધારિત લક્ષ્ય હતું, તેને એન્ટિ સેટેલાઈટ મિસાઈલ દ્વારા નષ્ટ કરાયું છે. અત્યાર સુધી દુનિયાના માત્ર ત્રણ દેશ પાસે આ તાકાત હતી. હવે ભારત પાસે પણ આ શક્તિ છે. ભારત સ્પેસ પાવર વાળો ચોશો દેશ બન્યો છે. આ પહેલાં સ્પેસ પાવર ધરાવતી યાદીમાં અમેરિકા, રશિયા અને ચીનનું નામ હતું.

મિશન શક્તિ શું છે - ભારતીય વૈજ્ઞાનિકોએ ૩૦૦ કિલોમીટર દૂર લો અર્થ ઓર્બિટના એક સેટેલાઈટને નષ્ટ કર્યો છે. ભારત દ્વારા જે સેટેલાઈટ ટાર્ગેટને તોડી પાડવામાં આવ્યું તે એક પૂર્વ નિર્ધારિત લક્ષ્ય હતું. આ લક્ષ્યને એ સેટ (એન્ટિ સેટેલાઈટ) મિસાઈલ દ્વારા નષ્ટ કરાયું છે. આ મિશનને માત્ર ત્રણ મિનિટમાં પૂર્ણ કરાયું છે. મિશન શક્તિ એક અત્યંત મુશ્કેલ મિશન હતું. તેનાથી ભારતની ટેકનિકલ ક્ષમતામાં વધારો થયો છે. આ સિદ્ધિ બાદ આપણે આપણા દુશ્મનો પર સ્પેસ દ્વારા પણ હુમલો કરી શકીએ છીએ. યુદ્ધની સ્થિતિમાં આ સિદ્ધિ ભારતને મોટી સફળતા અપાવશે. આ મિશનને ઈસરો અને ડીઆરડીઓએ બંનેએ મળીને પૂર્ણ કર્યું છે. ભારતે આ સફળ પરીક્ષણ દ્વારા ચીનને સંદેશ આપ્યો છે. કારણ કે પાકિસ્તાન પાસે આવી કોઈ શક્તિ નથી. તો એશિયામાં હજુ સુધી ચીન પાસે જ આ શક્તિ હતી.

લો અર્થ ઓર્બિટ શું છે - લો અર્થ ઓર્બિટનો ઉપયોગ ટેલિકમ્યુનિકેશન માટે કરવામાં આવે છે. આ ઓર્બિટ પૃથ્વીની સપાટીથી ૧૨૦૦ માઈલ એટલે લગભગ બે હજાર કિલોમીટર ઊંચાઈ પર હોય છે. જેમાં લો અર્થ ઓર્બિટ સેટેલાઈટ હાજર હોય છે. આ સેટેલાઈટનો ઉપયોગ મુખ્યત્વે ડેટા કોમ્યુનિકેશન માટે થાય છે. સરળ ભાષામાં કહીએ તો ઈમેઈલ, વીડિયો કોન્ફરન્સિંગ અને પેજિંગ જેવી સેવાઓનો ઉપયોગ કરવા માટે આ સેટેલાઈટનો ઉપયોગ થાય છે. આ સેટેલાઈટ ઝડપી ગતિથી ચાલે છે અને તેમની કોઈ જગ્યા નક્કી નથી હોતી. એલઈઓ આધારિત ટેલિકમ્યુનિકેશનનો ઉપયોગ મુખ્યત્વે વિકાસશીલ દેશોમાં થાય છે.

ગેસ સિલીન્ડર લીકેજથી આગ લાગતા ૫૦ ઝુંપડા બળીને ખાખ



સુરત

સહારા દરવાજા પાસે સ્મીમેર હોસ્પિટલની પાછળ આવેલી આંબેડકર નગર ઝુપડપટ્ટીમાં એક ઝુપડામાં ગેસ સિલીન્ડર લિકેજ થવાને કારણે આગ ભભૂકી ઉઠી હતી. ઝુપડામાં લાગેલી આગ બાદ ગણતરીની સેંકડોમાં આજુ બાજુના અન્ય ઝુપડાઓ પણ લપેટમાં આવી જતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. બનાવની જાણ થતા ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે ધસી ગયો હતો અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. સહારા દરવાજા નજીક રેલ્વે ટ્રેક અને સ્મીમેર હોસ્પિટલની વચ્ચે આવેલી આંબેડકર નગર ઝુપડપટ્ટીમાં મોડી રાત્રે ગેસ સિલીન્ડર લિકેજ થવાને કારણે આગ ભભૂકી ઉઠી હતી. એક ઝુપડામાં સિલીન્ડર બ્લાસ્ટ થયા બાદ ભભૂકી ઉઠેલી આગ જોતજોતામાં આસપાસના અન્ય ઝુપડાઓને પણ લપેટમાં લઈ લીધા હતા અને આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. બનાવની જાણ થતા પાંચ ફાયર સ્ટેશનની દસથી પંદર ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. બનાવને પગલે આસપાસના રહીશોમાં ભાગદોડ મચી ગઈ હતી. આશરે એક થી દોઢ કલાકની જહેમત બાદ ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવી લીધો હતો. જોકે આગની આ ઘટનામાં આશરે ૫૦ જેટલા ઝુપડાઓ બળીને ખાખ થઈ ગયા હતા જ્યારે ૧૦૦ જેટલા ઝુપડાઓનો બચાવ થયો હતો. સદનસીબે આગની આ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થઈ ન હતી.

પોરબંદરથી રમેશ ધડુક, પંચમહાલથી રતનસિંહ અને બનાસકાંઠાથી પરબત પટેલને ટિકિટ

લોકસભા ચૂંટણી ૨૦૧૯ઃ ભાજપે વધુ ત્રણ ઉમેદવારોના નામ જાહેર કર્યા

રાજ્યકક્ષાના મંત્રી હરિભાઈ ચૌધરી, પ્રભાતસિંહ ચૌહાણ અને વિઠ્ઠલ રાદડિયાનું પત્તું કપાયું

ગાંધીનગર

ભાજપ હાઈકમાન્ડે બુધવારે બપોરે લોકસભાના ગુજરાતના વધુ ત્રણ બેઠક માટેના ઉમેદવારની સત્તાવાર જાહેરાત કરી છે, જેમાં હાલના ત્રણેય સાંસદોને ટિકિટ અપાઈ નથી. તેમજ નો રિપીટ થિયરી ને અપનાવવામાં આવી છે

પંચમહાલ પરથી હાલના સાંસદ પ્રભાતસિંહ ચૌહાણને બદલે રતનસિંહને ટિકિટ અપાઈ છે જેના માટે ભાજપના નેતાઓ કહે છે કે રતનસિંહને લોટરી લાગી છે. જ્યારે સૌરાષ્ટ્રના પોરબંદરથી હાલના સાંસદ વિઠ્ઠલ રાદડિયાને બદલે સ્થાનિક અગ્રણી રમેશ ધડુકને ટિકિટ મળી છે.

બનાસકાંઠા પરથી હાલના સાંસદ અને કેન્દ્રના રાજ્યકક્ષાના મંત્રી હરિભાઈ ચૌધરીનું પણ પત્તું કાપીને તેમને બદલે રૂપાણી સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી તેવા પરબત પટેલને ટિકિટ અપાઈ છે.

આમ અત્યાર સુધીમાં કુલ ૨૬ બેઠકમાંથી ભાજપે ૧૯ નામોની જાહેરાત કરી છે જેમાં કુલ ૫ સાંસદોને ટિકિટ કાપવામાં આવી છે અને બાકીની ૧૪ બેઠકો પર સાંસદોને રિપિટ કરાયા છે.

અત્રે નોંધનીય છે કે પંચમહાલના સાંસદ પ્રભાતસિંહ ચૌહાણે તો હાઈકમાન્ડને ચીમકી પણ આપી હતી એટલું જ નહીં પોતાને જ ટિકિટ મળે તે માટે તેઓ દિલ્હી પણ ગયા હતા આમ છતાં તેમને ટિકિટ અપાઈ નથી.

જ્યારે પોરબંદરમાં વિઠ્ઠલભાઈ રાદડિયા બીમાર હોવાથી તેમની જગ્યાએ તેમના પુત્ર અને રૂપાણી સરકારના કેબીનેટ મંત્રી જયેશ રાદડિયાને પોરબંદરથી ચૂંટણી લગાવવાની ઈચ્છા હાય કમાન્ડની હતી, પરંતુ જયેશ રાદડિયાએ ચૂંટણી લડવાની ના પાડતા અને પોતાના નાનાભાઈ લલિતને ટિકીટ આપવાની માંગણી કરી હતી પરંતુ હાઈકમાન્ડે આખરે પોરબંદર બેઠક પરથી સમગ્ર રાદડીયા પરિવાર ની બાદબાકી કરી દીધી છે. બીજીબાજુ બનાસકાંઠાના હાલના સાંસદ અને કેન્દ્રના રાજ્યકક્ષાના મંત્રી હરિભાઈ ચૌધરીનું નામ પણ સીબીઆઈના લાંચકાંડમાં ખુલ્યું હતું જેને લઈને તેમને પણ ટિકિટ ન મળે એવી શક્યતાઓ હતી. ભાજપે અત્યાર સુધી ૧૯ બેઠકો પર ઉમેદવારના નામની જાહેરાત કરી છે. આ ૧૯ બેઠકમાંથી ગાંધીનગર, સુરેન્દ્રનગર અને જાહેર થયેલી ત્રણ બેઠક પર સિટિંગ સાંસદોનો ટિકિટ નથી આપવમાં આવી.

ભાજપે અત્યાર સુધી જાહેર કરેલા ઉમેદવારની યાદી

નંબર	બેઠક	ઉમેદવાર
૧	કચ્છ	વિનોદ ચાવડા
૨	સાબરકાંઠા	દીપસિંહ રાઠોડ
૩	અમદાવાદ-પશ્ચિમ	કિરીટ સોલંકી
૪	સુરેન્દ્રનગર	મહેન્દ્ર મુંજપરા
૫	રાજકોટ	મોહન કુંડારિયા
૬	જામનગર	પૂનમબેન માડમ
૭	અમરેલી	નારણ કાછડિયા
૮	ભાવનગર	ભારતીબેન શિયાળ
૯	ખેડા	દેવુસિંહ ચૌહાણ
૧૦	દાહોદ	જસવંતસિંહ ભાભોર
૧૧	ભરૂચ	મનસુખ વસાવા
૧૨	વડોદરા	રંજનબહેન ભટ્ટ
૧૩	બારડોલી	પ્રભુ વસાવા
૧૪	નવસારી	સી. આર. પાટીલ
૧૫	વલસાડ	કે. સી. પટેલ
૧૬	ગાંધીનગર	અમિત શાહ
૧૭	બનાસકાંઠા	પરબત પટેલ
૧૮	પોરબંદર	રમેશ ધડૂક
૧૯	પંચમહાલ	રતનસિંહ રાઠોડ

ડાંગ જિલ્લામાં રોકડ રકમ તથા મતદારોને પ્રભાવીત કરતી વસ્તુઓની હેરફેર પર વોચ

ચૂંટણી ખર્ચ મર્યાદા અંગે એક્ષ્પેન્ડિચર નોડલ ઓફિસરનું માર્ગદર્શન

આહવા

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષીને હાથ ધરાયેલી વિવિધ કામગીરીના ભાગરૂપે ૨૬-વલસાડ સંસદિય મતવિસ્તાર હસ્તકની ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિભાગ માટે રચાયેલી ફલાઈંગ સ્કવોડ, સ્ટેટિક સર્વેલન્સ ટીમ, વિડીયો સર્વેલન્સ ટીમ, વિડીયો વ્યૂવિંગ ટીમ તથા એમ.સી.એમ.સી. ટીમની કામગીરીને આખરી ઓપ આપતા, એક્ષ્પેન્ડિચર ઓબ્ઝર્વર શ્રી એચ.કે.વઢવાણિયાએ, ચૂંટણી જેવી સંવેદનશીલ કામગીરીમાં વિશેષ તકેદારી સાથે ફરજ બજાવવાનો સૌને અનુરોધ કર્યો હતો.

ચૂંટણી ખર્ચ સાથે સંકળાયેલી કામગીરી હાથ ધરતી વેળા વિશેષ કરીને પરિવાર સાથે આવાગમન કરતા વાહન ચાલકોને કોઈ ખોટી નકડગતનો ભોગ ન બનવુ પડે તેની તીકેદારી દાખવવાનો અનુરોધ કરતા ખર્ચ નિરિક્ષક શ્રી વઢવાણિયાએ રોકડ રકમની હેરફેર સહિત મતદારોને પ્રભાવિત કરી શકે તેવી ચીજવસ્તુઓની હેરફેર ઉપર વિશેષ લક્ષ કેન્દ્રિત કરવાની સૂચના આપી હતી. વાહન ચાલકોની ચકાસણી ઑનકેમેરા કરવા અંગેનું માર્ગદર્શન આપતા શ્રી એચ.કે.વઢવાણિયાએ રૂા.૫૦ હજાર સુધીની રોકડ રકમ માટે હાથ ધરવાની કાર્યવાહી સ્પષ્ટ કરી, ૧૦ લાખથી વધુની રકમ માટે સીધા ઈન્કમટેક્ષ વિભાગને કેસ હેન્ડઓવર કરવાની પણ સૂચના આપી હતી.

ગુજરાતમાં તા.૨૩/૪/૨૦૧૯નાં રોજ લોકસભાની ચૂંટણી માટે યોજાનારા મતદાન સુધી ફરજ નિયુક્ત ટીમોના તમામે તમામ અધિકારી/કર્મચારીઓને તેમની ફરજ ખૂબ જ ચોક્સાઈથી બજાવવાનો અનુરોધ કરતા ખર્ચ નિરિક્ષકશ્રીએ ફરજ પ્રત્યે કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી નહીં લેવાઈ તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું. ચૂંટણીલક્ષી તમામ કામગીરીના ડેટુ ડેના રીપોર્ટ સહિત નિભાવવાના થતા રજીસ્ટરો વિગેરે બાબતે પણ શ્રી વઢવાણિયાએ વિશેષ માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

પ્રજાજનો સાથે સીધી રીતે સંકળાયેલી ચેકિંગ વિગેરેની કામગીરીમાં ખૂબ જ સૌજન્યતાપૂર્ણ વ્યવહારની હિમાયત કરતા ખર્ચ નિરિક્ષક શ્રી વઢવાણિયાએ વાહન ચાલક પરિવારની મહિલાઓ, વડિલો તથા બાળકોએ કોઈ પણ દુર્વ્યવહારનો ભોગ ન બનવુ પડે તેની વિશેષ કાળજી લેવાનો પણ અનુરોધ કર્યો હતો.

ચૂંટણી ખર્ચ નિયંત્રણ અને દેખરેખની કામગીરી સાથે સંકળાયેલી એમ.સી.એમ.સી. (મીડિયા સર્ટિફિકશન એન્ડ મોનિટરિંગ કમિટિ) તથા મીડિયા સેન્ટરની કામગીરી બાબતે પેઈડ ન્યૂઝ, એડવર્ટાઈઝ જેવી બાબતે ખૂબ જ બારિકાઈથી ન્યૂઝ મોનિટરિંગ થાય તેની કાળજી લેવાનો અનુરોધ કરતા શ્રી એચ.કે.વઢવાણિયાએ તમામ ટીમોને પરસ્પર સંકલન અને સહયોગ સાથે તેમની ચૂંટણીલક્ષી કામગીરી પાર પાડવાનો અનુરોધ કર્યો હતો.

ડાંગ જિલ્લા પંચાયતના સભાખંડમાં આયોજિત ચૂંટણી ખર્ચ નિયંત્રણ અને દેખરેખ સાથે સંકળાયેલી ટીમની સંયુક્ત બેઠકમાં આસીસ્ટન્ટ એક્ષ્પેન્ડિચર ઓબ્ઝર્વર શ્રી વિષ્ણુભાઈ પટેલ સહિત જિલ્લા ચૂંટણી શાખાના કર્મયોગીઓ શ્રીમતી વનિતાબેન ગાયકવાડ અને હેતલ પટેલ સહિત જુદી જુદી ટીમોના ટીમ લીડર અને સભ્યોએ ઉપસ્થિત રહી, ચર્ચામાં ભાગ લીધો હતો.

તાંત્રિકવિધિથી વશમાં કરી પરિણીત યુવાન મહિલાને યુવક ઉઠાવી ગયો

પત્નીને ભગાડી જનાર વરાછાના યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

સુરત

વરાછામાં પરિણીતાને લગ્ન કરવાની લાલચ આપી તાંત્રિકવિધિ કરી ભગાડી જનાર સામે વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા એલ.એચ. રોડ ડાહ્યા પાર્ક સોસાયટીમાં રહેતો અને સિલાઈ મશીનનું કામ કરતો હરેશ મનસુખ રાઠોડના પરિચયમાં ફરિયાદીની પત્ની (ઉ.વ.૨૫) આવી હતી. આ પરિચયમાં બન્નેની આંખો મળી જતા આરોપી હરેશ મનસુખ રાઠોડે ફરિયાદીની પત્નીને લગ્ન કરવાની લાલચ આપી અથવા કોઈ તાંત્રિક વિધિ કરીને ભગાડી ગયો હતો. આ બનાવ સંદર્ભે રત્નકલાકાર પતિની વરાછા પોલીસે ફરિયાદ નોંધી ઈ.પી.કો. કલમ ૩૬૬ મુજબનો ગુનો નોંધી પો.ઈ.એમ.પી. પટેલે તપાસ હાથ ધરી છે.

પરિણીતાને ભગાડી જવાના કિસ્સામાં રત્નકલાકાર પતિએ પરિણીતાને ભગાડી જનાર યુવકે તાંત્રિક વિધિની મદદ લીધી હોવાની કેફીયત રજૂ કરતા પોલીસે તાંત્રિક વિશેષણ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે. પોલીસ ભાગી ગયેલી પરિણીતા તથા યુવકને ઘઝડપી પાડે પછી જ પરિણીતાને વશમાં કરવા યુવકે તંત્રવિદ્યાની મદદ લીધી હતી કે નહીં તે અંગે પોલીસ સ્પષ્ટતા કરી શકશે.

બારડોલી લોકસભા મત ક્ષેત્રમાં કુલ ૧૪૬ વીઆઈપી મતદારો છે

સૌપ્રથમ વખત વીઆઈપી મતદારોને અલગ તારવવામાં આવ્યા

વ્યારા

આગામી તા. ૨૩મી, એપ્રિલના રોજ યોજાનારી ૨૩-બારડોલી લોકસભા બેઠકના ચૂંટણી અધિકારી અને તાપી જિલ્લાના કલેકટર આર.એસ.નિનામાના માર્ગદર્શન હેઠળ ચૂંટણીતંત્ર દ્વારા પ્રથમ વખત મતદાર યાદીમાંથી વી.આઈ.પી મતદારોને અલગ તારવવામાં આવ્યા છે. આ મતદારોની ચૂંટણી વિભાગે નોંધ રાખી અને તેમના નામો મતદાર યાદીમાં છે કે નહિં તેની ખાસ તકેદારી રાખી છે. ચૂંટણી અધિકારીના જણાવ્યાનુસાર બારડોલી લોકસભા બેઠકમાં સમાવિષ્ઠ સાત વિધાનસભા વિસ્તારમાં ૧૫૬-માંગરોળમાં ૩૩૧, ૧૫૭-માંડવી વિધાનસભા વિસ્તારમાં ૯૪, ૧૫૮-કામરેજ વિધાનસભા મતવિસ્તારમાં ૯૪, ૧૬૯-બારડોલી વિધાનસભા મતવિસ્તારમાં ૨૦૭, ૧૭૦-મહુવા વિધાનસભા મતવિસ્તારમાં ૧૪૭, ૧૭૧-વ્યારા વિધાનસભા મતવિસ્તારમાં ૨૯૨ અને ૧૭૨ નિઝર વિધાનસભા મતવિસ્તારમાં ૨૮૬ મળી કુલ ૧૪૩૬ વી.આઈ.પી મતદારો છે.

આ તમામને માર્ક ઈલેકટર કહી શકાય તેવા વી.આઈ.પી મતદારોમાં સાંસદ, ધારાસભ્ય, ન્યાયધીશ, આઈ.એ.એસ, આઈ.પી.એસ, જિલ્લા/તાલુકા પંચાયત/નગરપાલિકાના પ્રમુખો, સભ્યો, નામી ઉદ્યોગપતિઓ, પૂર્વ સાંસદ/ધારાસભ્યો, પૂર્વ જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

નવસારીમાં ઘરેથી ભાગેલા કિશોર અને કિશોરીને પરિવારને સોંપાયા

૧૮૧ અભયમની ટીમે પરિવાર અને કિશોર-કિશોરીને સમજવા ઘરે મોકલી દીધા

નવસારી

૧૮૧ અભયમ રેસકયુ વાન નાઈટ પેટ્રોલીંગ દરમિયાન વાનને જોઈ એક કિશોર-કિશોરી ભાગતા હતાં. તેમને ભાગતા જોઈ ટીમે તેમનો પીછો કરતા તેઓ વ્યવસ્થિત જવાબ આપી શકયા નહી. તેઓને શાંતિથી સમજાવતા પુછપરછ કરતાં તમને કોઈ મુશ્કેલી હોય તો મદદરૂપ બનીશું એવું જણાવતા કિશોર-કિશોરીએ જણાવ્યું હતું કે, અમે ઘરેથી લગ્ન કરવા માટે ભાગીને નવસારી આવ્યાં છે. તેઓની ઉંમર ૧૬ વર્ષની હોવાથી અભયમ ટીમે સમજ આપતા જણાવ્યું કે, સામાજિક કે કાયદાકીય રીતે લગ્ન કરી શકાય નહિ. તેમજ તમારે અભ્યાસમાં ધ્યાન રાખી કારકિર્દી બનાવવા જણાવ્યું હતું. કિશોર-કિશોરીને પોતાની ભુલ સમજાતા તેઓ પરત ઘરે જવા તૈયારી બતાવી, પરંતુ તેમના પરિવાર તેમને સ્વીકારશે નહિ તેઓ ડર લાગતો હતો. જેથી નવસારી પોલીસ ની મદદથી વાલીનો સંપર્ક કરી, તેમના વાલીઓને સમજાવી સંતાનોની સોંપણી કરવામાં આવી હતી. આમ નવસારી ટીમ ઘ્વારા ભાગી આવેલા કિશોર-કિશોરીને યોગ્ય માર્ગદર્શન આપી પરિવારને સોંપવામાં આવ્યા હતાં.

મુંબઈના વેપારીએ સુરતના વેપારી સાથે ૧૩.૪૨ લાખની ઠગાઈ કરી

શાખ પર માલ ખરીદી પેમેન્ટ ચૂકવવાનો ઈન્કાર

સુરત

મુંબઈની વિમલનાથ એન્ટરપ્રાઈઝના વેપારીઓએ સુરતના વેપારી સાથે રૂા.૧૩.૪૨ લાખની ઠગાઈ કરી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભટાર રોડ વનીતા પાર્ક, કેશવ નારાયણ પાર્કમાં રહેતાં આશિષ બળવંતભાઈ જૈન આરોપી અશોકકુમાર નૈનચંદ બાફના, પન્નાલાલ માવલીયા, પુરૂત્તમ શર્મા (વિમલનાથ એન્ટરપ્રાઈઝ અંધેરી મુંબઈ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂા.૯,૭૨,૫૮૨ની કિંમતનો માલ ખરીદ્યો હતો. આ માલનું સમયસર પેમેન્ટ નહીં આપે તો ૨૪ ટકા વ્યાજ આપવાનું કબૂલ્યું હતું. તેમ છતાં પેમેન્ટ નહીં ચૂકવી વ્યાજ સહિત રૂા.૧૩.૪૨ લાખ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પીએચડીની ડીગ્રી મેળવનાર ત્રણ પારસી યુવતીઓનું સન્માન કરાયું

સુરત

જમધોદી નવરોઝ ફંડ કમિટી, પારસી પ્રગતિ મંડળ તથા ઝો રોષ્ટ્રીયન વિમેન્સ એસેમ્બલી ઓફ સુરતનાં સયુક્ત ઉપક્રમે સમસ્ત પારસી સમાજ માટે યોજવામાં આવેલા વિશેષ કાર્યક્રમ દરમિયાન તાજેતરમાં જે.પી.એચ.ડી.ની પદવી મેળવનારી પારસી સમાજની ત્રણ યુવતિઓ ડો. (મીસીસ) અરનાઝ વાડીયા, ડો. પરીનાઝ ભરૂચા તથા ડો.મીસ પર્લ ખરાસનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું તથા મેમેન્ટો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત એમફીલની ડીગ્રી મેળવનાર દિલશાદ ભાઠેનાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું એમ મહારૂખ ચીચગર જણાવે છે.

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં બે દિવસમાં સતત વધારો થશે

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં તાપમાન ૪૦ ડીગ્રી નજીક

સુરત

આગામી બે દિવસ દરમ્યાન સમગ્ર રાજ્યમાં આકરો તાપ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. હિટવેવની સ્થિતિમાં તાપમાનનો પારો ૪૦ થી ૪૪ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૯.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩.૨ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૧ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૪ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે ગરમ પવન ફુંકાઈ રહ્યો છે. નવસારીમાં આજે અધિકતમ તાપમાન ૩૯ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૭.૮ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં અધિકતમ તાપમાન ૩૯.૯ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૦.૧ ડીગ્રી નોંધાયું છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ૪૦ ડીગ્રીની આસપાસ ગરમીનો પારો નોંધાયો છે. આગામી બે દિવસ દરમ્યાન રાજ્યમાં હિટવેવની સ્થિતિ સર્જાય તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હાલ ૪૦ ડીગ્રી તાપમાનમાં બે થી ચાર ડીગ્રી સુધી વધારો થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. રાજયના મોટા ભાગના જિલ્લાઓમાં આજે તાપમાનનો પારો ૪૦ ડીગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે.



ઈચ્છાનાથ ખાતે આવેલી એસવીએનઆઈટીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા ચોકીદારોને સિક્યુરિટી એજન્સી દ્વારા બે માસથી પગાર ચૂકવવામાં નહીં આવતા ચોકીદારોએ ફરજ છોડી હડતાળ પર ઉતરી ગયા હતા.

સુરત ડાયમંડ એસો. રસ્તા પરથી મળી આવેલા હિરા મૂળ માલિકને સુપ્રત કર્યા

લાખ્ખો રૂપિયાના હિરા માલિકને સુપ્રદ કરનાર હેમંતભાઈ ભાવસારનું સન્માન

સુરત

ગત તા.૨૨-૦૩-૨૦૧૯ ના રોજ હેમંત શંકરભાઈ ભાવસાર ઠાકોરદ્વાર સોસાયટી મીની બઝાર, વરાછા ખાતે કોઈ કામથી આવેલ અને તેમને ત્યાંથી હિરાના પાંચ પેકેટ મળેલ હતાં જે ગત રોજ તા.૨૬/૦૩/૨૦૧૯ના રોજ સુરત ડાયમંડ એસોસીએશનના પ્રુખ બાબુભાઈ ગુજરાતી, ઉપપ્રમુખ સાંતિભાઈ ધાનાણી, મંત્રી દામજીભાઈ માવાણી તેમજ હેમંતભાઈ શંકરભાઈ ભાવસાર જ્યાં સર્વિસ કરતાં હતાં તે કંપનીનાં પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પેકેટના મૂળ માલિક અશોક ધામેલિયાને તેના હિરા સુપ્રત કરવામાં આવ્યા હતા.

સુરત ડાયમંડ એસોસીએશનના હોદેદારોએ હેમંતભાઈને પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. હિરાના પેકેટના માલિક અશોકભાઈ ધામેલિયા અને પ્રમુખ બાબુભાઈ ગુજરાતીએ રોકડ રકમ આપી હેમંતભાઈને પ્રોત્સાહિત કરેલ. અશોકભાઈ ધામેલિયા અને સૌ આગેવાનોએ હેમંતભાઈની કામગીરીને ખુબ બિરદાવી હતી. સહજાનંદ લેસર ટેકનો.ના એક સામાન્ય કર્મચારીની પ્રમાણીક્તાને સુરત ડાયમંડ એસોસીએશન બિરદાવે છે અને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

ટેક્સટાઈલ માર્કેટમાં વધુ એક પાર્ટી ઉઠમણું અનેક વેપારીઓ ભેરવાયા

અભિનંદન ન્યુ લુક નામે વેપાર કરનાર પાર્ટીની દુકાન પણ બંધ

સુરત

બેગમપુરા દશવાની ચેમ્બર્સમાં અભિનંદન ન્યુ લુકના નામથી વેપાર કરનાર પાર્ટીએ અનેક વેપારી સાથે ઠગાઈ કરી લાખો રૂપિયામાં ઉઠમણું કર્યું હતું.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મજૂરા વિજયનગર સોસાયટીમાં રહેતાં નરેન્દ્ર રામઅવતાર સાબુએ આરોપી હિતેશભાઈ (અભિનંદન ન્યુ લુક દશવાની ચેમ્બર, બેગમપુરા), નરેન્દ્રભાઈ ઉર્ફે પપ્પુભાઈ (કંવર એજન્સી, ગોપી માર્કેટ, રિંગરોટ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ કાવતરુ રચી ફરિયાદી નરેન્દ્રભાઈ પાસેથી રૂા.૧,૭૯,૩૪૦નો માલ આકાશ ટેક્ષ્ટાઈલ્સના વેપારી અશોક લાલવાણી પાસેથી રૂા.૨,૨૧,૯૫૦નો માલ, રીચ એન્ડ રોયલની વેપારી પાસેથી રૂા.૧,૨૮,૫૨૭નો માલ ખરીદી પેમેન્ટ ચૂકવવાને બદલે વાયદાઓ કરી દુકાન બંધ કરી નાસી ગયા હતા. આ આરોપી વેપારીઓએ અનેક વેપારી સાથે ઠગાઈ કરી હતી. બનાવ અંગે સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

એસવીએનઆઈટીમાં પગાર નહીં મળતા ચોકીદારોની હડતાળ

૩૧ માર્ચે કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થતો હોય બે માસથી વેતન ચૂકવાયું નથી

સુરત

એસવીએનઆઈટી ખાતે સિકયુરિટી કોન્ટ્રાક્ટર દ્વારા ગાર્ડને છેલ્લા બે મહિનાથી પગાર ચૂકવવામાં આવ્યો નથી અને ૩૧મી માર્ચના રોજ કોન્ટ્રાક્ટ પૂર્ણ થવાનો હોવાથી ૧૩૫ ગાર્ડ દ્વારા પગારની માંગમી સાથી આજથી હડતાળ શરૂ કરવામાં આવી છે.

એસવીએનઆઈટી દ્વારા કેમ્પસમાં સિક્યુરિટી માટે ઓનલાઈન કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. સૈનિક ઈન્ટેલીજન્ટ એન્ડ સિક્યુરિટી પ્રા.લિ. દ્વારા ભરવામાં આવેલ ટેનડર મંજુર થતા તા.૩૧-૩-૨૦૧૯ સુધી એક વર્ષનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. એસવીએનઆઈટીમાં એક સિફ્ટમાં ૪૩ ગાર્ડ મળી ૩ સિફ્ટમાં ૧૩૫ જેટલા ગાર્ડ સૈનિક ઈન્ટેલીજન્ટ સિક્યુરિટી પ્રા.લિ. દ્વારા તૈનાત કરવામાં આવ્યા છે. આ ગાર્ડને કોન્ટ્રાક્ટ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૯નો પગાર આજ સુધી ચૂકવાયો નથી. કોન્ટ્રાક્ટરને છેલ્લા ૧૫ દિવસથી રજૂઆત કરી પગારની માંગણી કરવામાં આવી રહી છે. કલેક્ટરના સુપરવાઈઝર એવુ કહે છે કે આગામી ૬ મહિના માટે કોન્ટ્રાક્ટ રીન્યુ થયો છે તમને પગાર મળી જશે. તમે શાંતિથી નોકરી કરો. સિક્યુરિટી ગાર્ડને જાણવા મળ્યું છે કે હાલનો કોન્ટ્રાક્ટર સૈનિક ઈન્ટેલીજન્ટનો કોન્ટ્રાક્ટ ૩૧મી માર્ચ ૨૦૧૯ના રોજ પૂર્ણ થઈ જવાનો છે અને નવો કોન્ટ્રાક્ટ મળવાનો નથી. આવી પરિસ્થિતિમાં ફેબ્રુઆરી અને માર્ચ મહિનાનો પગાર કોન ચૂકવશે તેવી પરિસ્થિતિ વચ્ચે આજથી સિક્યુરિટી ગાર્ડ દ્વારા હડતાળ શરૂ કરવામાં આવી છે.

તંત્રી સ્થાનેથી...

બજારને ફટકો પડી શકે

રિટેલ વેપારના ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઈને ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તે પહેલા થોડાક સમય પહેલા મંજુરી આપી દેવામાં આવ્યા બાદ દેશના અર્થશાસ્ત્રીઓમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે. સરકારે નિર્માણ ક્ષેત્રમાં પણ એટલી જ છુટછાટ આપીને એર ઈન્ડિયામાં આ રોકાણને ૪૯ ટકા સુધી મર્યાદિત રાખવાનો નિર્ણય કર્યો છે. પ્રશ્ન એ થાય છે કે સ્વદેશીન વાત કરનાર સરકારે વિદેશી રોકાણ પર એટલુ ભાર કેમ મુકી રહી છે. વિદેશી લોકો પાસેથી અને વિદેશી નાણાંને લઈને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં સરકાર કેમ આધાર રાખવાના પ્રયાસ કરી રહી છે. આ મંજુરી પણ કોઈ નાની મોટી કિંમત અને કુરબાની પર આધારિત દેખાઈ રહી નથી. આના માટે તે પોતાની જ નિતીને ખતમ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીને જનસંઘના સમયથી જ વેપારીઓન પાર્ટી તરીકે ગણવામાં આવે છે. જ્યારે યુપીએ સરકાર રીટેલ ક્ષેત્રમાં ૫૧ ટકા એફડીઆઈની વાત કરી રહી હતી ત્યારે ભાજપે જોરદાર વિરોધ કર્યો હતો. તે તત્કાલીન સરકારની એવી સ્પષ્ટતા સાથે સંતુષ્ટ થઈ ન હતી કે આના કારણે રોજગારીમાં નોંધપાત્ર રીતે વધારો થશે. ભાજપના લોકોએ એ વખતે એવી દલીલ પણ સરકારની સ્વીકારી ન હતી કે આના કારણે દેશમાં મોંઘવારીમાં ઘટાડો થશે. વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી યોજાઈ ત્યારે તે પહેલા અરૂણ જેટલીએ પોતે કહ્યુ હતુ કે સરકારમાં આવ્યા બાદ અમારા વલણમાં કોઈ ફેરફાર થનાર નથી. આવી વાત કરનાર સરકારે હવે ગુલાંટ કેમ મારી દીધી છે. ૫૧ ટકાથી વધારીને ૧૦૦ ટકા એફડીઆઈ કેમ થઈ ગઈ છે. ભલે આંતરરાષ્ટ્રીય દબાણ હોય કે પછી કેટલાક અન્ય પરિબળો હોય સરકારની કેટલીક જવાબદારી તો ચોક્કસપણે બને છે. ભારતના ગામ ગાંમ સુધી બેઠેલા કરોડો નાના વેપારી પર તેની અસર શુ થશે. નોટબંધી અને જીએસટીના કારણે સામાન્ય લોકો પહેલા જ પરેશાન થયેલા છે. દરરોજ કમાણી કરીને ખાનાર લોકોની હાલત વધારે કફોડી બની શકે છે. વિદેશી કારોબારીઓ ભારતમાં રોકાણ કરવા માટે તૈયાર છે. તેમને ભારત નહીં બલ્કે ૧૩૦ કરોડ ભારતીય લોકો નજરે પડી રહ્યા છે. વિદેશી કારોબારીઓ છ સાત મહિના સુધી નુકસાન ઉઠાવીને પણ દેશમાં રહેલા નાના કારોબારીઓને ખતમ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. આ બાબત ભાજપ અને કોંગ્રેસ બન્નેની બને છે કે નાના કારોબારીઓને બચાવી લેવા માટે પ્રયાસ કરવામાં આવે. નાના કારોબારીઓને કોઈ નુકસાન કોઈ સંજોગોમાં ન થાય તેની ખાતરી કરવામાં આવે તે જરૂરી છે. વિશ્વના દેશોમાં હાલ અરાજકતાની સ્થિતી રહેલી છે. આવી સ્થિતીમાં તમામ બાબતોને સાવધાનીપૂર્વક હાથ ધરવામાં આવે તે જરૂર છે. દેશના કારોબારીઓ પર કોઈ પણ પ્રકારની પ્રતિકુળ અસર ન થાય તે માટે વિશ્વાસ સાથે હવે નવી સરકાર આગળ વધે તેમ અર્થશાસ્ત્રીઓ ઈચ્છે છે. રીટેલ ક્ષેત્રમાં કેટલાક મુદ્દા પર ગંભીરતાથી ધ્યાન આપવામાં આવે તે સમયની માંગ રહેલી છે. હવે નવી સરકાર કઈ દિશામાં સક્રિય રહીને આગળ વધશે તેના પર તમામની નજર રહેશે.

કોઈ પણ પરિબળોની અસર વ્યાપારીઓ પર નહીં થાય તેની ખાતરી કરવી જરૂરી

વર્ષ ૨૦૦૫થી પડતી શરૂ થઈ

ભાજપના દિગ્ગજ નેતા અને ભારતીય જનતા પાર્ટીને રાષ્ટ્રીય સ્તર પર એક મોટી પાર્ટી તરીકે સ્થાપિત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર લાલકૃષ્ણ અડવાણીની રાજકીય કેરિયર હવે પૂર્ણાહુતિ તરફ વધી રહી છે. વર્ષ ૨૦૦૫માં જિણ્ણાની મજાર પર જઈને લાલકૃષ્ણ અડવાણીએ એવુ નિવેદન કર્યુ હતુ જેના કારણે તેમના રાજકીય કેરિયરના પતનની શરૂઆત થઈ ગઈ હતી. કોઈ વ્યક્તિ પાકિસ્તાનમાં જાય તો પાકિસ્તાનની સારી બાબત જ કરશે તે તો સ્વાભાવિક છે. આવી સ્થિતીમાં તેમના રાજકીય કેરિયરના પતનની શરૂઆત કેમ થઈ તેવો પ્રશ્ન સામાન્ય લોકોમાં થાય તે પણ સ્વાભાવિક છે. નેતા જે દેશમાં જાય છે ત્યારે તે દેશની ભરપુર પ્રશંસા કરે છે. જો કે ભારતમાં આની એટલી અસર થશે તે બાબતથી અડવાણી વાકેફ ન હતા. આ ગ્રહ દશા કહો કે પછી એ બાબતને એટલી હદ સુધી ઉછાળવામાં આવી કે અડવાણી ભાજપ અને સંઘમાં સંદેહાસ્પદ બની ગયા હતા. વર્ષ ૨૦૦૯માં ચૂંટણીમાં અડવાણીએ પોતાને આગળ રાખીને મેદાનમાં ઉતર્યા હતા. જો કે કોઈ કમાલ કરી શક્યા ન હતા. એમ કહેવામાં આવે છે કે વર્ષ ૨૦૦૨માં અડવાણીએ નરેન્દ્ર મોદીની ગુજરાતની મુખ્યપ્રધાન તરીકેની ખુરશી બચાવી હતી. પરંતુપ આજે પીએમ નરેન્દ્ર મોદી છે ત્યારે પોતાના ગુરૂને બહાર જતા જોવાની ફરજ પડી રહી છે. બે સીટોથી ભાજપને મજબુત સ્થિતીમાં પહોંચાડી દેવામાં ભૂમિકા અદા કરનાર અડવાણી મોદીના ઉત્થાનની સાથે પૂર્ણ રીતે પાછળ જતા રહ્યા છે. એવુ પણ માનવામાં આવે છે કે ૨૦મી સદીના આ દિગ્ગજ નેતાએ ૨૧મી સદીના પ્રોફેશનલ અપ્રોચની કોઈ ચિંતા કરી ન હતી. હાથ જોડીને ઉભા રહેતા અડવાણીના ફોટોને ધ્યાનમાં લાવીને વિચારવામાં આવે તો પાર્ટી લાઈનથી અલગ થઈને અરૂણ શૌરી, યશવંત સિંહા અને શત્રુઘ્ન સિંહાની જેમ તેઓ પણ પાંચ વર્ષમાં અલગ કેમ થયા નથી. એવી કેવી પ્રકારની મજબુરી હતી. વાસ્તવિકતા એ છે કે આજની દક્ષિણપંથી અને હિન્દુવાદી રાજકીય નેતાની છાપ અડવાણી ધરાવતા હતા. આજે તેમના પ્રત્યે એક સાહનુભુતિ ચોક્કસપણે છે. એક બાબત એ પણ છે કે કોંગ્રેસ અને અન્ય પક્ષોને તો અડવાણીના મુદ્દા પર રાજનીતિથી બચવાની જરૂર છે. કારણ કે તેમના ત્યાં તો આવા દાખલા ભરપુર છે.

દિગ્ગજ કોઈ ક્ષેત્રના કેમ ન હોય એક દિવસે હથિયાર મુકવા પડે છે...

તો અડવાણીની વિદાય સુખદ હોત



ભાજપને મજબુત પાર્ટી બનાવવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરનાર અડવાણી કેટલાક સમીકરણને બેસાડવામાં થાપ ખાઈ ગયા હતા

ભારતીય જનતા પાર્ટી આજે જે સ્થાન પર પહોંચી છે તે સ્થાન પર પાર્ટીને પહોંચાડી દેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા લાલકૃષ્ણ અડવાણીએ જ અદા કરી છે. લિવિંગ લેજેન્ડ તરીકે અડવાણીને ગણી શકાય છે. છ વખત ગુજરાતની જે ગાંધીનગર સીટ પરથી જીતીને તેઓ લોકસભામાં પહોંચતા રહ્યા છે તે ગાંધીનગર સીટ પરથી આ વખતે તેમને ટિકિટ મળી નથી. આ વખતે શિષ્ય દ્વારા જ ગુરૂને ટિકિટ આપવામાં આવી નથી. અલબત્ત શિષ્ય કહેવા પર પણ સવાલ ઉઠી શકે છે. કારણ કે બાજપ અધ્યક્ષ અમિત શાહ ગાંધીનગરમાંથી ચૂંટણી લડી રહ્યા છે. અમિત શાહને ટિકિટ આપવામાં આવ્યા બાદ પાર્ટીના વરિષ્ઠ નેતા અને અડવાણીની નજીકના લોકો પૈકી એક પ્રકાશ જાવડેકરે એમ કહીને આ નિર્ણયને યોગ્ય ગણાવ્યો છે કે ગુજરાતની ગાંધીનગર સીટ પર જેટલી પણ વખત લાલકૃષ્ણ અડવાણીએ સફળતા હાંસલ કરી છે તેમાં શાહની ભૂમિકા નિર્ણાયક રહી છે. જો કે આ બાબત કોઈને ગળે ઉતરે તેવી રહી નથી. તમામ નિષ્ણાંત લોકો અને રાજકીય પંડિતો સારી રીતે જાણે છે કે વર્ષ ૧૯૯૧માં લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત શાહે અડવાણી માટે પ્રચારની શરૂઆત કરી હતી. હવે એ વખતે પાર્ટીના વધતા જનતા નનાધાર અને અડવાણીના વધતા રાષ્ટ્રીય કદને ધ્યાનમાં લઈને શાહને ક્રેડિટ આપવાની બાબત કેટલી યોગ્ય છે તેનો અંદાજ તમામ જાણકાર લોકો લગાવી શકે છે. જો કે હાલમાં તમામ લોકો બે પ્રશ્ન કરી રહ્યા છે. પ્રથમ પ્રશ્ન એ થાય છે કે ૯૧ વર્ષની વયમાં લાલકૃષ્ણ અડવાણી ફરી ચૂંટણી મેદાનમાં ઉતરવા માટે પ્રયાસ કરી રહ્યા હતા ? બીજો પ્રશ્ન એ થાય છે કે ભારતીય જનતા પાર્ટીને એક દિવસ તો તેમને દુર કરવાના જ હતા. તે હાલમાં કેમ નહીં ? કઈ પણ કહેવામા આવે પરંતુ પાર્ટીના પિતામહ ગણાતા લાલકૃષ્ણ અડવાણીની વિદાય બીજી રીતે પણ થઈ શકી હોત. અહીં લાલકૃષ્ણ અડવાણીની મહત્વકાંક્ષા પણ એટલી જ જવાબદાર છે. વર્ષ ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ જો કોઈ ઈચ્છા મનમાં રહી હોત તો રાષ્ટ્રપતિના પદમાં રામનાથ કોવિન્દની નિમણુંક વેળા રાજકીય નિવૃતિની જાહેરાત કરી શક્યા હોત. સામાન્ય રીતે ક્રિકેટરોમાં આ ચીજ જોઈ શકાય છે. ક્રિકેટરો પહેલા જ જાહેરાત કરી દે છે કે વિશ્વ કપ બાદ અથવા તો આ સીરિજ પછી નિવૃતિ લઈ લેશે. આના કારણે સમર્થકોમાં સાહનુભુતિ પણ મળે છે. અખબારોમાં લેખ પણ લખવામાં આવે છે. કહેવામાં આવે છે કે વર્ષ ૨૦૧૪માં ચૂંટણીમાં અડવાણીએ મોદીને પીએમ પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાનો જોરદાર વિરોધ કર્યો હતો. જો તે જ વડાપ્રધાન બની જાય છે તો આપના માટે કેટલા સારા કામ કરશે. અડવાણી આ બાબત સમજી જવામાં થાપ ખાઈ ગયા હતા. અડવાણીને એ વખતે લાગ્યુ હશે કે પ્રણવ મુખર્જીની અવધિ બાદ દેશની સર્વોચ્ચ ખુરશી પર તેમને પહોંચાડી દેવા તેમના કેટલાક વફાદારો કામ કરશે. તેઓ અને તેમના સલાહકારો એ અંદાજ લગાવી દેવામાં ચુકી ગયા હતા કે પાર્ટીમાં સત્તા હવે આગામી પેઢીના હાથમાં આવી ગઈ છે. આ સત્તાના સંક્રમણના આ દોરની શરૂઆત હતી જ્યારે પાર્ટી અથવા તો ગઠબંધનની રાજનીતિ એક વ્યક્તિ વિશેષની સામે નબળી દેખાઈ રહી હતી. ટુંકા ગાળામાં જ મોદીએ તેમનુ કદ એટલુ વધારી દીધુ કે તેમની સામે કોઈ વિરોધ કરવાના પ્રયાસ પણ કરી શકે તેમ નથી. તેઓ પાર્ટી જ જ નહીં બલ્કે દેશના સર્વમાન્ય નેતા બનતા ગયા છે.અડવાણીને તો એ વખતે જ વિચારી લેવાની જરૂર હતી જ્યારે રાષ્ટ્રપતિ ચૂંટણીના સમય પર મસ્જદિ ધ્વંસ મામલાને ફરી ખોલી દેવામાં આવ્યો હતો. એવુ લાગી રહ્યુહતુ કે હવે કોઈ નિર્ણય આવી જશે. રાષ્ટ્રપતિ ચૂંટણી બાદ ફરી રાજકીય ગરમી શાંત થઈ ગઈ હતી. અડવાણી તેમના શિષ્યોની સાથે ફરી નજરે પડવા લાગી ગયા હતા. આ બાબતને લઈને કોઈ ઈન્કાર કરી શકે નહીં કે રથયાત્રાથી દેશમાં ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં અડવાણીએ જ માહોલ બનાવ્યો હતો. એ વખતે એક સાંપ્રદાયિક ચહેરાના કારણે તેઓ પીએમની ખુરશી માટે વાજપેયી કરતા પાછળ રહી ગયા હતા. નાયબ વડાપ્રધાન બનીને જ તેમની કેટલીક ઈચ્છા પૂર્ણ થઈ હતી. કેટલાક લોકો એમ પણ કહે છે કે કદાચ મોદીને શિષ્ય સમજીને ગુરૂ અડવાણી તેમની પાછળ ઉભા રહ્યા ન હતા. સાથે સાથ બરોબરની સીટની ઈચ્છા રાખતા રહ્યાહતા. જેમ કે ભારતીય સંસ્કૃતિમાં થાય છે. તેઓ કદાચ ભુલી ગયા કે ગુરૂ શિષ્યની વાત તો પોતાની જગ્યાએ છે. આજના પ્રોટોકોલમાં દેશમાં વડાપ્રધાન તરીકે મોદી છે. જ્યારે તેઓ પહોંચે છે ત્યારે તમામને ઉભા થવાની ફરજ પડશે. અડવાણીને ચૂંટણી પહેલા જ રાજકીય નિવૃતિ લેવાની જાહેરાત કરવાની જરૂર હતી. જો આવુ કર્યુ હોત તો અડવાણીને આટલી તકલીફ ન થઈ હોત. દિગ્ગજ કેટલા પણ હોય એક દિવસ તો તેને હથિયારો મુકીને પેવેલિયન જવાની જરૂર પડે છે. પરંતુ આ સમીકરણને બેસાડવામાં ભાજપના આ મહારથીથી મોટી ભુલ થઈ હતી.

પુલવામા હુમલા બાદ ભારતના હવાઈ હુમલા બાદ પડકારો...

વિપક્ષના પડકાર હજુ નહીંવત જેવા



માત્ર મોટી મોટી જાહેરાત કરવાથી મોદી ટીમ સામે કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો લડત ચલાવી શકશે નહીં : મજબુત આધારની જરૂર છે

